# ફિનોલેક્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ દ્વારા CSR અંતર્ગત પાદરાની શ્રી સાગર વિદ્યાલયમાં મલ્ટી પર્પઝ શેડનું નિર્માણ કરાયું

વડોદરા, તા. ૨૦

ફિનોલેક્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ દ્વારા તેની કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી **(CSR)** પહેલ અંતર્ગત અને તેની ઝૂઝીઈ અમલકારી સંસ્થા મુકુલ માધવ ફાઉન્ડેશન મારફતે વડોદરા જિલ્લાના પાદરા ખાતે આવેલ શ્રી સાગર વિદ્યાલયમાં મલ્ટી પર્પઝ શેડનું નિર્માણ કરવામાં આવ્યું છે.




યુગ અભિયાન ટાઈમ્સ (દૈનિક)



શાળાએ અગાઉ વિદ્યાર્થીઓ માટે યોગ્ય અને સુરક્ષિત સ્થળ ન હોવાથી મધ્યાહ્ન ભોજન જમીન પર બેસીને લેવુ પડતું હોવાનું રજૂ કર્યું હતું. ખાસ કરીને ચોમાસા અને અતિ હવામાન દરમિયાન આ સમસ્યા વધુ ગંભીર બનતી હતી. વિદ્યાર્થીઓની ગૌરવ, સ્વચ્છતા, આરોગ્ય અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને ફિનોલેક્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ દ્વારા મુકુલ માધવ ફાઉન્ડેશન મારફતે આ મલ્ટી પર્પઝ શેડનું નિર્માણ કરવામાં આવ્યું છે.

આ નવો મલ્ટી પર્પઝ શેડ નીચે મુજબના મહત્વપૂર્ણ લાભો આપશેઃ

- મધ્યાહ્ન ભોજન યોજનાના અમલ માટે સ્વચ્છ, સુરક્ષિત અને ગૌરવસભર જગ્યા
- સવારની પ્રાર્થના અને સભાઓ માટે સુવિધાજનક સ્થળ
- શૈક્ષણિક, સહપાઠ્ય અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે ઉપયોગી મંચ
- શાળાના કાર્યક્રમો તથા સમુદાયિક પ્રવૃત્તિઓ માટે સામાન્ય સુવિધાઆ સુવિધાથી વિદ્યાર્થીઓનો શાળાનો અનુભવ વધુ સુખદ બનશે, હાજરીમાં વધારો થશે અને બાળકોના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન મળશે.

મલ્ટી પર્પઝ શેડના ઉદ્ઘાટન કાર્યક્રમમાં પાદરા પોલીસ ઈન્સ્પેક્ટર વિજય ચારણ તેમજ ફિનોલેક્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ અને મુકુલ માધવ ફાઉન્ડેશન તરફથી કલ્પેશ પરમાર, સચિન ભાટિયા અને નિતુલ બારોટ હાજર રહ્યા હતા. આ પ્રસંગે સ્થાનિક ગ્રામ સરપંચ, શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો, ટ્રસ્ટીઓ, પ્રિન્સિપાલ, શિક્ષકો, વિદ્યાર્થીઓ તેમજ સ્વદેશ એનજીઓ ની ટીમ પણ ઉપસ્થિત રહી હતી.આ અવસરે શાળાના ટ્રસ્ટીએ ફિનોલેક્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ અને મુકુલ માધવ ફાઉન્ડેશન દ્વારા વર્ષોથી મળતા સતત સહયોગ બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. અગાઉ પણ શાળાને સ્વચ્છતા સુવિધાઓ, **RO** પાણી કૂલર, બેન્ચો, **LLF** શિક્ષણ પ્રોજેક્ટ, કમ્પ્યુટર તથા કમ્પ્યુટર શિક્ષક સહાય, વૃક્ષારોપણ અભિયાન, તેમજ બાળકો માટે પતંગ અને રાખડીના વિતરણ દ્વારા તહેવારોની ઉજવણી જેવા અનેક સહયોગો આપવામાં આવ્યા છે.મલ્ટી પર્પઝ શેડના નિર્માણ સાથે હવે શ્રી સાગર વિદ્યાલયને ગ્રામ્ય સ્તરે ગુણવત્તાયુક્ત શિક્ષણ, વિદ્યાર્થીઓના ગૌરવ, આરોગ્ય અને સુરક્ષાને મજબૂત બનાવતી મહત્વપૂર્ણ પાયાની સુવિધા પ્રાપ્ત થઈ છે.